 **રે. દિ. દાવા નં.૭૭/૨૦**

**આંક– ૨૯ નું સાંધાણ**

**<u>સોગંદઆપ્યા</u>**

**ઉલટ તપાસ – પ્રતિવાદી નં. ૨ તરફે વિ.વ.શ્રી પી.આર.ગઢવી**

એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ વાળા મારા પુત્ર થાય છે અને પ્ર તિવાદી નં. ૨ વાળા મારા પુત્રવધુ થાય છે. એ વાત ખરી છે કે, આ વાદવાળા મકાનમાં પ્રતિવાદી નં. ૨ વાળા રહે છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ વાળા મારો દિકરો વિદેશ રહે છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ વાળા તથા અમો સામે પ્રતિવાદી નં. ૨વાળાએ ભરણ પોષણનો અને રહેણાંકના મકાન માટે કેસ કરેલો હતો. એ વાત ની મને ખબર નથી કે, જે તે સમયે ના.કોર્ટે આ વાદવાળુ મકાન પ્રતિવાદી નં. ૨ વાળા ને ખાલી કરાવવું નહી તેવો હુકમ ફરમાવેલ હતો. એ વાત ખરી છે કે, વાદી હાલે પ્લોટ નંબર ૯૯ ઉપર રહે છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૨ વાળા જે હાલ પ્લોટ નંબર ૧૦૦ વાળા ઉપર રહે છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ વાળા અને નં. ૨ વાળાના લગ્ન થયા ત્યાર બાદ તરત જ આ મકાન બનાવેલુ. એ વાત ખરી છે કે, અમોએ પુરાવાના કામે જે માર્ક ૨૮/૧ થી ફરીયાદ રજુ કરેલ છે તે મારા મારીની છે. એ વાત ની મને ખ્યાલ નથી કે, આ કેસ પુરો થઈ ગયેલો છે આરોપીનો નિદોર્ષ છુટકારો થઈ ગયેલો છે. એ વાતની મને ખ્યાલ નથી કે, પ્રતિવાદી નં. ૧ વાળા તથા પ્રતિવાદી નં. ૨ વાળા વચ્ચે અણબનાવ હોઈ છુટા છેડાનો કેસ ચાલે છે. એ વાત ખરી છે કે,

સાહેદની સહી

આ કામના પ્રતિવાદી નં. ૨ વાળા તથા તેમના પુત્ર પ્લોટ નંબર ૧૦૦ વાળામાં રહે છે. એ વાત ખરી છે કે, ભવિષ્યમાં મારા પુત્ર ખીમજીભાઈ પ્રેમજીભાઈ ગોંડલીયાએ તેમની પત્ની તથા પુત્ર ને હકકો આપવા ન પડે તેવા આસ્યેયથી આ પ્લોટ અને મકાન આ કામનાં વાદીને પ્રતિવાદી નં. ૨ વાળાને કોઈ પણ પ્રકારની જાણ કર્યા સિવાય આ કામના વાદીના નામે ટ્રાન્સફર કરેલ છે.

**ઉલટ તપાસ – પ્રતિવાદી નં. ૧ તરફે વિ.વ.શ્રી કે. જે. મહેતા**

એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ તથા ૨ વાળા હાલે સાથે રહેતા નથી જુદા જુદા રહે છે પ્રતિવાદી નં. ૧ તથા ૨ વચ્ચે ના.પ્રિન્સી. ફેમીલી કોર્ટે, ભુજ એ છુટાછેડા અંગેનો દાવો મંજુર કરેલ છે પરંતુ હાલે સબબ કામે ના.ગુજરાત હાઈકોર્ટે સ્ટે આપેલ છે અને અરજી પેન્ડીંગ છે. હાલ ે દાવાવાળી મિલ્કત મે મારા નાના પુત્ર મનોજ ના નામે કરેલ છે તથા તેણે તે મિલ્કત તેની પત્ની હાલના વાદીના નામે કરેલ છે. એ વાત ખરી છે કે, હાલ ે તે મિલ્કત વાદી તથા તેના પતિ રહે છે અને તેમનો કબજો ભોગવટો છે. એ વાત ખરી છે કે, મારા પ્રતિવાદી નં. ૨ સાથે અમારા હાલે કોઈ સબંધ કે કોઈપણ જાતનો વહેવાર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બોલવાના પણ સબંધ નથી. એ વાત ખરી છે કે, મારા મોટા પુત્ર પ્રતિવાદી નં. ૧ વાળાએ ભુજમાં મકાન લઈ લીધેલ છે. એ વાત ખરી છે કે, ભુજનો મકાન પ્રતિવાદી નં. ૧ વાળાના નામે છે.

---
સાહેદની સહી

એ વાત ખરી નથી કે, સોગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૨૫ – ૦૧ –૨૦૨૩
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

સાહેદની સહી

સાહેદની સહી